॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**



વર્ષ : ૧૬ અંક : ૧૮૩ તા.૧૫-૦૪-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક

તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


- **શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને સન્માનીત કરવાનો આગામી કાર્યક્રમ તા. ૧૪-૦૯-૨૦૨૫ ના રોજ અમદાવાદ મુકામે યોજવામાં આવશે તો વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કશીટ વહેલી તકે સમાજની ઓફિસમાં મોકલી આપવા વિનંતી છે.**

- **સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા તેના આજીવન સભ્યોનો ડેટાબેઈઝ અદ્યતન બનાવવા માટે જાહેર કરેલ કાર્યક્રમમાં સૌ જ્ઞાતિજનો દ્વારા સાથ-સહકાર આપવા વિનંતી.**

- **સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા મુખપત્ર "ધી ટાઈમ્સ ઓફ કંસારા સમાજ" તેના આજીવન સભ્યોને મોકલવામાં આવે છે અને તે મુખપત્રના ખર્ચને પહોંચી વળવા સમાજની કારોબારી દ્વારા આજીવન સભ્યો પાસેથી "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" તરીકે રૂા. ૧૦૦૦/- એકત્રીત કરવાનું નક્કી કરેલ છે તો સમાજના આ મુખપત્રનો વધુ વિકાસ કરવા તમામ આજીવન સભ્યો રૂા. ૧૦૦૦/- વિકાસ ફંડ તરીકે યોગદાન કરવા અપીલ.**

# BIO DATA



## PERSONAL DETAILS

| | |
|---|---|
| Name | : Yashraj Pavagadhi |
| Date of Birth | : 13 May 1998 |
| Place of Birth | : Ahmedabad |
| Complexion | : Fair |
| Height | : 5 feet 11 inches |
| Education | : B.Com (Throughout English) |
| Religion/Caste | : Kansara |
| Occupation | : Business Owner of "Pandav Steel" Distributor of Kitchen applicances for multiple agencies (Boss, Protege, Sathi, etc.) for Surendranagar and Kutch disctricts. |
| Current City | : Residing in both places - Wadhwan and Bhuj. |
| Age | : 26 years |
| Hobbies | : GYM, Cricket, Networking |

## FAMILY DETAILS

| | |
|---|---|
| Father Name | : Piyushbhai Rasiklal Pavagadhi |
| Father's Occupation | : Business |
| Mother Name | : Chhaya Piyush Pavagadhi |
| Mother's Occupation | : Homemaker |
| Elder Brother info | : Shyam Pavagadhi married to Kratika Pavagadhi and stays in Gandhinagar (Job) |
| Ancestral info - Pitru Side | : Rasiklal Vrajlal Pavagadhi (Wadhwan) |
| Ancestral info - Matru Side | : Bharatbhai Vrajlal Vaishnav, Ahmedabad. |

## CONTACT DETAILS

| | |
|---|---|
| Contact Info | : Piyush Pavagadhi (Father) - 93770 19388 |
| Address | : "Matru Smruti" Opp. SBI ATM, Darbargadh, Wadhwan, Surendranagar, Gujarat. |

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વે ક્ષેમકુશળ હશો તેવી હું આશા રાખું છું.

ચાલુ માસમાં માતાજીના ચૈત્રી નોરતાના ધાર્મિક પર્વ નિમિત્તે સર્વે જ્ઞાતિજનોને શુભકામના સાથે પરમકૃપાળુ શ્રી માતાજી સર્વેને સુખ, શાંતિ અને સારું આરોગ્ય અને આર્થિક શક્તિઓ આપે તેવી પ્રાર્થના.

તારીખ ૧૬-૦૩-૨૦૨૫ ને રવિવારના રોજ સંસ્થાની ઓફિસના હોલમાં સમસ્ત કંસારા સમાજના કારોબારી સભ્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ તેમજ ભગિની સંસ્થાઓ, જેવીકે શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તેમજ શ્રી મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટી બહેનોની એક સંયુક્ત મિટિંગ અમદાવાદ મુકામે મળી જે ખૂબ જ શાંત અને સુગમ્ય વાતાવરણ વચ્ચે આ મીટીંગની કાર્યવાહી સંપન્ન કરવામાં આવી, અને તે બદલ હાજર રહેલા તમામ ટ્રસ્ટી મિત્રો કારોબારી સભ્યશ્રીઓ અને ટ્રસ્ટી બહેનોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

મુખ્યત્વે આ મિટિંગમાં સમાજ સભ્યોનો ડેટા બેઝ અપડેટ કરવા બાબત તેમજ કંસારાની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનાવવા અને દરેક ટાઈમ્સની દરેક આવૃત્તિ સમાજની પ્રવૃત્તિઓનો માહિતી સભર અને અદ્યતન માહિતી રહે અને જ્ઞાતિજનો તરફથી સારા લેખો મળી રહે, તે મતલબની ચર્ચા કરી અને વિવિધ ગામોમાં ચાલતી જ્ઞાતિની સામાજિક/ધાર્મિક / શૈક્ષણિક પ્રવૃત્તિઓના લેખો અને વ્યક્તિ વિશેષની કોઈ માહિતી હોય તો તે પણ મોકલી આપી, કંસારા ટાઈમની પ્રવૃત્તિઓ અને સમાજની પ્રવૃત્તિ વધુ વેગ વંતી બને તે અંગે સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી.

વિશેષમાં કંસારા ટાઈમ્સની આર્થિક સ્થિતિ સુધારવા માટે આજીવન સભ્ય દીઠ રૂપિયા ૧૦૦૦/- વિકાસ ફંડમાં ત્રણ વર્ષ માટે વિકાસ ફંડ તરીકે દરેક સભ્યો અનુદાન આપે તેમ નક્કી કરવામાં આવેલ છે. અને તેના પ્રતિભાવ રૂપે હાજર કારોબારી સભ્યશ્રીઓએ પોતાની યોગ્ય રકમ અનુદાન તરીકે નોંધાવી કંસારા ટાઈમ્સના વિકાસને વધુ સદ્ધર બનાવવા મહત્વનું યોગદાન આપેલ છે તે બદલ હાજર સૌ કારોબારી સભ્યશ્રીઓ અને બહેનોનો હું આભાર માનું છું અને આ વિકાસ ફંડની રકમ ત્રણ વર્ષ માટે સ્વીકારવાની છે અને દરેક કારોબારી સભ્યોએ આ કંસારા ટાઈમ્સના વિકાસ ફંડની રકમ પોતાના ગામમાંથી જ્ઞાતિજનો પાસેથી શક્ય એટલી બનતી ત્વરા એ એકત્રિત કરી જમા કરાવે તેવી પણ અપીલ કરવામાં આવે છે.

વિશેષમાં આપણા એક આજીવન સભ્ય શ્રી ભરતભાઈ લાલાણી રહેવાસી અમદાવાદનાને આ સંસ્થા સામે કેટલોક અસંતોષ છે અને તેઓએ અરજીઓ કરી અને

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

અસંતોષ વ્યક્ત કરેલો હતો તેના નિવારણ માટે અને એના સુખદ અંત માટે આ એક સમાધાન કમિટીની રચના કરવામાં આવેલી હતી જેના અધ્યક્ષ પદે કારોબારી સભ્ય શ્રી રમેશભાઈ એન. શેઠ અને બીજા નવ કારોબારી સભ્યો આ ટીમમાં નિયુક્તિ કરવામાં આવેલ હતી. અને તેઓએ સતત જહેમત અને સમજાવટ કરી અને શ્રી ભરતભાઈના પ્રશ્નો બાબતે આ મિટિંગમાં આખરી રિપોર્ટ રજુ કરેલ અને શક્ય એટલા પ્રોબ્લેમ હતા તે ઉકેલવા પ્રયત્ન કર્યા છે. તે બદલ આ સમાધાન કમિટીના તમામ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન અને તેઓ સર્વેનો હુ આભાર માનું છું.

આ મિટિંગમાં હાજર રહેલા ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના મંત્રીશ્રી અને ટ્રસ્ટીશ્રી હરેશભાઈ કંસારા એ આગામી ૧૪, સપ્ટેમ્બર - ૨૦૨૫ ના રોજ આ ટ્રસ્ટ આયોજીત જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરવા માટેનો કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી કરેલ છે અને તેની પણ જાહેરાત કરવામાં આવી આ કાર્યક્રમમાં સર્વે જ્ઞાતિજનો ધાતું પરિવાર સેવા ટ્રસ્ટ તરફથી વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમની માર્કશીટ વેળાસર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

વિશેષમાં આજીવન સભ્યોની ડેટાબેઝ સુધારણા કાર્યક્રમ હાલમાં ચાલુ છે ત્યારે હાજર રહેલા કેટલાક કારોબારી સભ્યશ્રીઓએ અભિપ્રાય વ્યક્ત કરેલ હતો કે, જે આજીવન સભ્યો ગુજરી ગયા છે તેઓના સ્થાને તેના પરિવારમાંથી એક સભ્ય આજીવન સભ્ય બને તે જરૂરી છે તે સિવાય પણ સમાજમાં જે ગામે હજુ પણ આ સંસ્થાના આજીવન સભ્ય પદે નોંધણી કરાયેલ ના હોય તેવા જ્ઞાતિજનોને પણ આજીવન સભ્ય તરીકે નોંધણી કરી અને આ સમાજની પ્રગતિમાં યોગદાન આપે અને જરૂરી સહકાર આપે તેવા પ્રયત્ન કરવા જોઈએ. તેનો અમલ કરવા આપ સૌને મારી હાર્દિક અપીલ છે.

સર્વે જ્ઞાતિ જનોને મારા જય શ્રી કૃષ્ણ - જય માતાજી - જય શ્રી ગોપાલ - જય સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) ના સભ્યો જોગ નમ્ર નિવેદન

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના સભ્યોનો ડેટાબેઈઝ સુધારવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, તો દરેક સભ્યોને આ અભિયાનમાં સાથ-સહકાર આપવા માટે વિનંતી કરવામાં આવે છે. દરેક ગામ/શહેરમાં ગોળ/ઘટકની સંસ્થાઓને પણ આ અભિયાનમાં સાથ-સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. સમાજના આજીવન સભ્ય પોતે પણ આ અભિયાનમાં ભાગ લઈને પોતે સમાજની ઓફિસ પર લેખિત જાણ કરી શકે છે.

સમાજનાં ડેટાબેઈઝ સુધારણા અભિયાન માટે ગાઈડ લાઈન નીચે મુજબ રહેશે.

(૧) જે આજીવન સભ્યનું અવસાન થયેલ છે, તેમનું સભ્યપદ રદ થયેલ હોય તેથી તેઓને કંસારા ટાઈમ્સ મોકલવામાં આવશે નહીં. આવા અવસાન પામેલ આજીવન સભ્યના કુટુંબમાંથી કોઈપણ વ્યક્તિને સમાજના નવા આજીવન સભ્ય બનવા માટે વિનંતી કરીએ છીએ. (શક્ય હોય તો યુવાન સભ્યને આજીવન સભ્ય બનાવવા).

(૨) વાર્ષિક સભ્યો / કંસારા ટાઈમ્સ ડિપોઝીટ હોલ્ડર / પેઢી / શુભેચ્છકોના નામો કમી કરવામાં આવેલ છે. તેઓને કંસારા ટાઈમ્સ મોકલવામાં આવશે નહીં. આ કુટુંબોમાંથી નવા આજીવન સભ્ય બનાવવા વિનંતી.

(૩) દરેક આજીવન સભ્યોના નામ-સરનામાં યોગ્ય છે કે નહી તેની તપાસ કરવી. પિનકોડ તથા જીલ્લો અચૂક લખવો. જે સભ્યનું સરનામું બદલાયેલ હોય અથવા બીજા ગામ/શહેર રહેવા ગયા હોય તેઓએ તેમનું નવું સરનામું પિનકોડ તથા જીલ્લાની વિગત અચુક લખીને ઓફિસના સરનામાં ઉપર મોકલવી.

(૪) એકજ કુટુંબના એકથી વધુ આજીવન સભ્યપદ હોય તેમજ એકજ નામના બે કંસારા ટાઈમ્સ આવતા હોય તો તેવા સભ્યોઓ સ્વેચ્છાએ એક જ કંસારા ટાઈમ્સ એક જ સભ્ય ઉપર મોકલી આપવા સમાજની ઓફિસે જાણ કરવા વિનંતી છે.

(૫) દરેક જ્ઞાતિજનના ઘર પર કંસારા ટાઈમ્સ પહોંચે તે હેતુથી જે ઘરમાં કોઈપણ વ્યક્તિ આજીવન સભ્ય ન હોય તેઓને આજીવન સભ્ય બનાવવા તેમજ જે કુટુંબમાં યુવાવર્ગ ધંધા-રોજગાર નિમિત્તે બહારગામ વસવાટ કરતાં હોય તો તેવા દરેક યુવાનોને આજીવન સભ્ય બનાવવા નમ્ર વિનંતી.

આ અભિયાનમાં સમાજના સર્વે જ્ઞાતિજનોએ સાથ-સહકાર આપવા નમ્ર વિનંતી છે.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી
શ્રી ચંદ્રકાંત કે. કંસારા - પ્રમુખ,
શ્રી મેહુલ એન. ખાખી - મંત્રી
શ્રી મનિષ બી. કંસારા - ખજાનચી



# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) તથા નડીઆદ શ્રી ગુજરાતી (અમદાવાદી) કંસારા જ્ઞાતિનું ગૌરવ શ્રી જય મિથુનભાઈ સૂર્યકાન્ત કંસારા

સંકલન : સી.કે. કંસારા (પ્રમુખ)



ખેડા જીલ્લા ક્રિકેટ એસોશીએશન અને શ્રી દિનશા પટેલ - અંડર-૧૬ (સોળ) ના ઉપક્રમે નડીઆદ ખાતે જાન્યુઆરી-૨૦૨૫ ફેબ્રુઆરી-૨૦૨૫ ના માસ દરમિયાન યોજાયેલ આંતર સ્કુલ ટુર્નામેન્ટ અંડર-૧૬ ક્રિકેટ મેચમાં નડીઆદની નોલેજ સ્કુલ સામે નડીઆદની મધર કેર સ્કૂલે ફાઈનલ મેચમાં વિજય મેળવ્યો હતો.

વિજય ટીમમાં એટલે કે મધર કેર સ્કુલ નડીઆદની ટીમમાં ક્રિકેટર ખેલાડી તરીકે સામેલ નડીઆદના શ્રી મિથુનભાઈ સૂર્યકાન્તભાઈ કંસારાના સુપુત્ર શ્રી જયે શાળા તરફથી નોંધાયેલ કુલ ૨૭૨ રન પૈકી ૧૦૧ (એકસો એક રન કરી) રન સાથે અણનમ રહી મધર કેર સ્કુલને વિજય અપાવ્યો. સ્કુલને હચ મચાવી સ્કુલનું નામ રોશન કર્યું હતું.

ખેડા જીલ્લાના પૂર્વ સાંસર સભ્ય અને ભારત સરકારના પૂર્વ (કેબીનેટ મીનીસ્ટર) શ્રી દિનશાભાઈ પટેલના વરદ્ હસ્તે શ્રી જયને મેડલ અને ટીમવતી કપ એનાયત કરી શ્રી જયનું બહુમાન કરવામાં આવેલ.

શ્રી જયે ૧૦૧ (એકસો એક અણનમ)રન કરી જીલ્લામાં અને રાજયમાં કંસારા જ્ઞાતીનું ગૌરવ વધારેલ છે તે બદલ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અને શ્રી કંસારા જ્ઞાતિ પંચ નડીઆદ તરફથી હાર્દિક શુભેચ્છાઓ

(એ) ડેટાબેઈઝ સુધારણા અભિયાન

(બી) "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" બાબત

તે ઉપરાંત કંસારા ટાઈમ્સને વધુ સુદ્રઢ બનાવવા માટે "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" ખાતે આપનું યોગદાન ઓછામાં ઓછું રૂા. ૧૦૦૦/- (રૂા. એક હજાર પૂરા) સંસ્થાને આપીને સહભાગી થવા નમ્ર વિનંતી છે.

**ઓનલાઈન પેમેન્ટ કરવા માટેની વિગત –**

SAMAST KANSARA SAMAJ GUJARAT
BANK : STATE BANK OF INDIA
BRANCH : SPPBB
ACCOUNT NO. : 10542905500
ACCOUNT TYPE : SAVINGS
IFSC CODE : SBIN0060129

PLEASE MENTION TRANSACTION ID. FOR YOUR TRANSACTION.

કુટુંબમાં એક કરતાં વધારે સભ્ય હોય તો તે તમામનાં નામ તથા સભ્યક્રમાંક લખવા વિનંતી.

## "ટાઈમ્સ ઓફ કંસારા સમાજ" ના ખર્ચને પહોંચી વળવા માટે કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ બાબતે અપીલ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની ૨૫ વર્ષ અગાઉ થયેલ સ્થાપના સાથે આજીવન સભ્ય ફી જે રૂા.૨૫૧/- રાખેલ. જે તે સમયે તેના વ્યાજમાંથી તેમજ દાતાઓ દ્વારા મળેલ સહાય થકી સમાજના આજીવન સભ્યોને આજસુધી કંસારા ટાઈમ્સ પહોંચાડવામાં આવે છે.

હાલનાં સંજોગોને અનુરૂપ કાગળો, પ્રિન્ટીંગ, પોસ્ટેજ ખર્ચ, ડિઝાઈનીંગ વિગેરે ખર્ચને પહોંચી વળવું મુશ્કેલરૂપ છે. આ સંદર્ભમાં ગત કારોબારી મીટીંગ તા. ૧૬/૦૩/૨૦૨૫ નાં રોજ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ કે "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" માં દરેક આજીવન સભ્ય ઓછામાં ઓછા રૂા.૧૦૦૦/- (રૂા. એક હજાર પૂરા) અને વધુમાં તેમની ઈચ્છાનુસાર સહાયરૂપ થવાં હાર્દિક અપીલ કરવામાં આવે છે. તો સમાજનાં દરેક સભ્યોએ કંસારા ટાઈમ્સ આજીવન મેળવવા માટે ઉપરોક્ત રકમ આપેલ ડેટાબેઈઝ સુધારણા ફોર્મ સાથે તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધીમાં સમાજની ઓફિસ પર ટપાલ / કુરીયર / ઈમેઈલ દ્વારા મોકલી શકાશે અને રકમ સમાજનાં બેંક ખાતામાં ઓનલાઈન અથવા ચેક/રોકડાં સમાજની ઓફિસ પર મોકલી આપવા વિનંતી.

નોંધ - ઓનલાઈન પેમેન્ટમાં આપનો ટ્રાન્સેકશન આઈડી સમાજના ખજાનચીને જણાવવો અનિવાર્ય છે.




# વેવિશાળ એક સળગતી સમસ્યા

સમાજ માટે લાલ બતિ રૂપ પ્રશ્ન.

કારણો શું હોઈ શકે ?

**પ્રથમ કારણ :-** શહેરનો મોહ !

'મારે તો સુરત ની બહાર જવું જ નથી !' 'મને અમદાવાદ સિવાય દમ ઘુંટાય !' 'મુંબઈ ની બહારના પરણાય મરી જવાય !'

**તમે આ લેખ ખાસ વાંચો અને સૌને મોકલી સમાજની સાચી સેવા કરો...**

લગભગ દરેક મોટા શહેરમાં જુવાન થનારી કન્યાઓ આવી અવળી જીદે ચડી જાય છે.

અલી ઘેલી દિકરી ! તારે પરણવાનું વ્યક્તિ સાથે છે કે શહેરના બોર્ડ સાથે ! ચર્ચ ગેટ વાળી કન્યાને કાંદીવલીમાં નથી પરણવું, તો નરોડા વાળીને ચાંગોદર નથી જવું. કાલાવડ રોડ વાળીને ગાંધીગ્રામમાં નથી પરણવું.

બોલો લ્યો ... શહેરનો છે એટલો મોહ જો સામેનાં પાત્રમાં રાખો તો એ જ્યાં હશે, ત્યાં જ તમને સ્વર્ગ જેવું લાગશે. તમામ કન્યાઓ મેટ્રો સીટી તરફ મીંઢોળ બાંધીને દોડી રહી છે.

એ જોતા તો એમ લાગે છે આવનારા વર્ષોમાં ગામડામાં જન્મવું, એ અભિશાપ થઈ જશે.

કન્યાઓની આ ઘેલછા ગામડાઓને સ્મશાન બનાવ્યે પૂર્ણ થશે કે શું ?

**બીજુ કારણ :** 'હજી તો દિકરી નાની છે.'

સ્ત્રી આમ તો કદી મોટી ઉંમરની હોતી જ નથી. પરંતુ આ વાક્ય કેટલીક સ્ત્રીઓ ત્રીસ કે પાંત્રીસ વર્ષની થાય, ત્યાં સુધી પ્રમાણિકતાથી પકડી રાખે છે. કેટલાક માતા પિતા સારા ઘરનું માગું આવે, ત્યારે વાત આગળ ચલાવ્યા વિના સીધુ જ રોકડું પરખાવે છે કે 'અમારી દીકરી તો હજી ભણે છે અથવા હજુ નાની છે.'

પાપાની પરી, પાપાને જ નાનકડી લાગે છે. પપ્પાએ ક્યારેક દીકરીની ફેસબુક કે ઈન્સ્ટાની પોસ્ટ પણ, વાંચવાનો સમય કાઢવો. સત્ય સમજાઈ જશે કે ગગીને આવતી કાલે જ વળાવી દેવી જોઈએ.

બહુ નાની ગણ્યા કરશો, તો પછી એ કદી 'નાની' નહી બને હો !

**ત્રીજુ કારણ :** 'બાપ રે ! જોઈન્ટ ફેમેલી છે !'

'મુરતીયાનું આઠ જણાનું કુટુંબ છે, અને એમાં સૌથી નાની વહુ ના થવાય.' 'અમારે તો આગળ પાછળ કોઈના હોય, એવો વરરાજો શોધવો છે.' ''બેન-બા'', તો અનાથ આશ્રમ બાજું ધ્યાન દોડાવો. સો એ પાંચ ફેમેલીજ હવે સંયુક્ત કુટુંબમાં માંડ રહે છે.

વડીલોની હૂંફ અને આશિર્વાદ તમામ કપલને જોઈએ છે, પરંતુ વડીલો કોઈને નથી જોતા ! પોતાના નવજાત શિશુની પ્રોપરલી સંભાળ માટે માતા પિતા કેર ટેકર તરીકે બધા ઈચ્છે છે. પરંતુ એ માતા પિતાની કેર બહુ ઓછા કરે છે.

જોઈન્ટ ફેમેલીમાં નહી પરણવાની જીદ કરીને કુંવારી બેઠેલી કન્યાઓ, પાછી પોતાના ત્રણેય ભાઈઓ અને ભાભીઓ સાથે રહેતી હોય છે. આને કહેવાય વિકાસ.

**ચોથું કારણ :** 'આઈ વોન્ટ ફ્રીડમ !'

'મને તો કોઇની અંડરમાં જીવવુ જ નથી. આઈ એમ અ ફ્રી-બર્ડ. આઈ વોન્ટ ફ્રિડમ.' આવા વાક્યો પચ્ચીસ વરસે કહેનારી, કેટલીય યુવતીઓ પાંત્રીસ પછી, સાઈકીયાટ્રીટ પાસેથી ડિપ્રેશનની દવા લેતી નજરે પડે છે. ફ્રી બર્ડની જીંદગીમાંથી બર્ડ નીકળી જાય છે. અમુક કન્યાઓ, પશ્ચિમની જીવન શૈલીને પૂર્વમાં જીવી લેવા તલપાપડ હોય છે. જવાબદારી શબ્દ જ જેને બાણ શૈયા જેવો લાગતો હોય, તેવા ઘણાને વર્ષો પછી 'શૈયા' જ બાણ જેવી લાગવા માંડે છે. ફ્રિડમની સગલી થામાં બેન ! નબળુ-આછુ-પાતળુ ગોતીને ગોઠવાઈ જાઓ. તું નસીબદાર હોઇશ તો તારા પગલે વરને કેનેડા કે યુ.એસ. ના વિઝા મળી જાશે, તો પછી ફ્રિડમના સ્વીમીંગપુલમાં એ'ય ને મોજથી આજીવન ધુબકા માર્યા કરજો ...!

સ્વચ્છંદતા ને સ્વભાવ ન બનાવાય દિકરી.

દુષણોનું સ્વચ્છતા અભિયાન કરી શકે એવો સાવરણો ક્યાંય માર્કેટમાં નથી મળતો.

સમયસર પરણી જા બાઈ નહીંતર, આગળ આવશે એકલતાની ખાઈ.

**પાંચમું કારણ** - પાતળી આર્થિક સ્થિતી

હવેની છોકરીઓ તો મુરતીયો જોવા આવે, ત્યારે જ માઈક્રો ઓબ્ઝરવેશન કરી લ્યે છે. એ કઈ ગાડીમાં આવ્યો ? તેની પાસે ક્યો

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

મોબાઈલ છે ? આ ભૂરો મને MI નો મોબાઈલ તો ગીફ્ટ નહી આપે ને ? મારે તો આઇ ફોન જ જોઈએ. (પછી ભલે ને બાપુજીના ઘરે કોઈની આઇ ફોનની ત્રેવડ ન હોય તો 'ય !) છોકરાના ઘરના સોફા પરથી તેની માનસિકતા ન મપાય બેન ! શક્ય છે કે એ અત્યારે પરિવાર મધ્યમ વર્ગનો છે પરંતુ તારા પગલા થશે અને તું જો કરકસરથી ઘર ચલાવશે તો પાંચ વરસમાં સૌ સારા વાના થશે.

બાકી માત્ર બેંક - બેલેન્સ, મોંઘી ગાડી અને મોટા બંગલા જોઈને હરખે હરખે પરણનારી કેટલીય કન્યાઓને ફાઇવ સ્ટાર બંગલામાં દવા પીવાના દિવસો આવ્યા છે.

**ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (સુરત)**
**મો. નં. : ૯૮૦૩ ૬૬૩૩૬**

## "સ્વાગત - સત્કાર આપનું"

આજ સ્વાગત આપનું ભર સભામાં છે
તમારી હાજરીની જુઓ અસર થઈ છે
તમારા પગલાં આજે અહી પડ્યા છે
તેની ખબર અમને પડી ગઈ છે
ઝુકી ગઈ છે ફુલોની ડાળીઓ આજે
ને પાન, ફળ-ફુલો ખીલી ઉઠ્યાં છે
પ્રેમનાં ગુલાબજળ છાંટ્યા આંગણીયે
હેત-પ્રીત, સ્નેહના સાથિયાં પૂર્યા છે
લાગણીના તોરણો બાંધ્યા છે ટોડલે
ભાવથી ભરેલ ફુલહાર બાંધ્યા છે બારણે
આપ પ્રેમની કેડીએ થઈ પધાર્યા છો
સ્નેહ, શબ્દો ઉમળકાના ગુલદસ્તા સ્વીકારશો
તમો મળ્યાનો આજ આનંદ અપાર છે
અહીં દિલથી દિલ તો મળી જ ગયા છે
અમો બધા જ હર્ષથી વધાવીએ છીએ
તમારા આગમનની વિશેષ નોંધ લેવાય છે
સદા સાથી બનીને ચાલજો સથવારે
ફરી ફરી મળવાનો કોલ યાદ રાખજો
આજ તમો મળ્યાનો આનંદ અપાર છે.
આજ તમો મળ્યાનો આનંદ અપાર છે.

માટે છોકરો કાંડા બળ વાળો હોય, તને સદ્‌ગુણી લાગે અને તારા દિલમાં તેને જોઈને ઘંટડી વાગે તો આર્થિક પરિસ્થિતિને ગોળી મારજે બેન !

વર કન્યાનો એક બીજા પરનો ભરોસો મજબુત થશે તો કોઈ પણ પરિસ્થિતિમાંથી રસ્તો મળશે જ ! આગે બઢો.

**છઠ્ઠુ કારણ :** ભણેલો જોઈએ !

કેટલીક કન્યાઓ સરકારી નોકરને જ પરણવાની પ્રતિજ્ઞા કરી બેસતી હોય છે. કલેક્ટર કે કમિશ્નરને વરવાના સ્વપ્ન જોનારી, ઉંમર વધતાં, પછી સરકારી બેંકના પટ્ટાવાળાનું મંગળ સૂત્ર પહેરે છે.

ઘણી કન્યાઓ ''પતિ એ જ પરમેશ્વર'' નહીં પરંતુ ''પે સ્લીપ એ જ પરમેશ્વર'' સૂત્રને જીવન ભર વળગી રહે છે.

ટૂંકમાં કન્યાઓ પાસે ન પરણવાના આજે આવા એકસો બહાના હોઈ શકે છે ?

આ લેખ બધાને કામ લાગે તેવો છે માટે કૃપયા આ પોસ્ટમાં કોઈપણ ફેરફાર કર્યા વગર સૌને ખાસ SAHRE કરજો હો..

॥ જય શ્રી ગોપાલ ॥

## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૧,૫૦૦/- | કંસારા હિતેન્દ્રભાઈ વસંતલાલ - નિત્ય, અર્પિતા કંસારાના લગ્ન પ્રસંગે શુભેચ્છા ભેટ. |
| રૂા. ૧,૧૦૦/- | ખાખી મહેન્દ્રભાઈ હિરાલાલ, ગૌ.વા. પ્રવિણચંદ્ર હરીલાલ ખાખીના સ્મરણાર્થે શુભેચ્છા. |
| રૂા. ૧,૦૦૦/- | દંગી મિલન અશોકભાઈ, ગૌ.વા. અશોકભાઈ જમનાદાસ દંગીના ભગવત સ્મરણાર્થે - વડોદરા. |
| રૂા. ૫૦૦/- | સિહોર નિવાસી ગૌ.વા. જયેશભાઈ આણંદજી બુચ ની સુપુત્રી ચિ. અમિના લગ્ન (મોરબી મુકામે) શુભેચ્છા ભેટ. |
| રૂા. ૫૦૦/- | મોરબી નિવાસી કંસારા મુકુલભાઈ વલ્લભદાસના સુપુત્ર ચિ. હર્ષના લગ્ન (સિહોર મુકામે) શુભેચ્છા ભેટ. |
| રૂા. ૨૫૧/- | ગૌ.વા. કિરણકુમાર બાબુલાલ સંઘવીના સ્મરણાર્થે - સિહોર |

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૮૦૩૬૬૩૩૬



## શ્રી મારું કંસારા મહિલા મંડળ જૂનાગઢ

# વિશ્વ મહિલા દિવસ

-પ્રમુખ - શ્રીમતી ક્રિષ્ના બારમેડા,
ઉપપ્રમુખ-શ્રીમતી હર્ષિતા પરમાર, મંત્રી-શ્રીમતી પારુલ બુદ્ધ

આ દિવસ ખૂબ સારી રીતે અને ઉત્સાહ પૂર્વક દરેક જગ્યાએ ઉજવવામાં આવે છે, અને દરેક સ્ત્રીઓ પોતાના માટે સમય ફાળવી તેમાં અચૂક જોડાય છે. શ્રી મારું કંસારા મહિલા મંડળ આ દિવસ દર વર્ષે અલગ રીતે ઉજવતી રહી છે.

શ્રી મારું કંસારા મહિલા મંડળ જૂનાગઢ દ્વારા અદભુત રીતે શ્રી મારું કંસારા મહિલા મંડળ ની બહેનો માટે 'મહિલા સંમેલન સંગઠન 'તા.૯-૩-૨૫ રવિવારે લક્ષ્મી વાડી માં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શહેરો જેવાંકે અમદાવાદ, રાજકોટ, શિહોર,ગોંડલ,માણાવદર, જામનગર, તલાલા ની બહેનો અમારા આમંત્રણ ને માન આપી ને આવી હતી. આપ સર્વેનો આભાર.

આપણા સમાજની બહેનોને એક મંચ પર એકઠી કરવી તે સાહસ અને પડકાર હતો કેમકે સ્ત્રીઓ પોતાના ઘર વડીલો અને બાળકો ની જવાબદારી હમેશા અદભુત રીતે નિભાવતી હોય છે, પણ પોતાના માટે સમય ફાળવવો તેમાં તે વિચાર કરતી હોય છે, તેવાં સંજોગોમાં તે બહેનો ને ભેગી કરીને એક નવી જ દિશા તરફ તેને લઈ જવી તે ગર્વ લઈ શકાય તેવી બાબત છે .

કોઈ પણ સ્ત્રી જ્યારે દુનિયામાં બહાર નીકળવાનું વિચારે છે, કે પોતાના માટે સમય ફાળવી શકે છે તો તે કરી શકવાની તાકાત



તેને પોતાના પતિ અને બાળકો પાસેથી જ મળતી હોય છે.

**મહિલા સંમેલન માં દરેક બહેનો દ્વારા**

સમાજ લક્ષી વિવિધ મુદ્દા પર વિચારોની આપલે કરવામાં આવી હતી. ત્યાર બાદ જૂનાગઢ ની બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા અને વિવિધ મુદ્દા પર જૂનાગઢ ની બહેનો એ પોતાના વિચારો રજૂ કર્યા હતા.દરેક બહેનો એ ચર્ચા માં ભાગ લીધો હતો.

બહારગામ ની બહેનો દ્વારા જૂનાગઢ ની બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી મારું કંસારા યુવક મંડળ ના પ્રમુખ શ્રી વિજયભાઈ



પરમાર અને કારોબારી સભ્યો નું અમે સન્માન કરેલ, જૂનાગઢ માં શ્રી મારું કંસારા યુવક મંડળ અને મારું કંસારા મહિલા મંડળ એકબીજા ને હંમેશા મદદ કરવા તૈયાર હોય છે.

બપોરે જમણવાર બાદ રસીયા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક બહેનો એ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને રાસ ગરબા ની રમઝટ બોલાવી હતી.

આ સમગ્ર પ્રોગ્રામ નું આયોજન શ્રીમતી ક્રિષ્ના બારમેડા અને શ્રીમતી હર્ષિતા પરમાર અને કારોબારીની બહેનો દ્વારા ખૂબ ઉત્સાહ પૂર્વક કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક બહેનો નો ખૂબ ખૂબ આભાર.

સમગ્ર પ્રોગ્રામ નું પોતાની મીઠી વાતો અને વાણી દ્વારા અદભુત રીતે સંચાલન ચી.પુર્ણાબેન હેડાવ અને શ્રીમતી સોનલબેન છત્રાડા દ્વારા કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ ની તૈયારી શ્રીમતી હર્ષીતા બેન પરમાર અને શ્રીમતી રક્ષાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમ માં વચ્ચે મહિલાઓને પોતાના સ્વાસ્થ્ય માટે જાગૃત કરવા માટે જૂનાગઢની K.J. Cancer Hospitl માંથી તેમની ટીમ બ્રેસ્ટ કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સર વિશે સવિસ્તાર માહિતી અને ન થાય તેને માટે શું કાળજી રાખવી તે સમજાવવા માટે આવ્યા હતા. તેમનો પણ આભાર.

બપોરે જમણવારની જવાબદારી શ્રીમતી અર્ચનાબેન બુદ્ધ અને શ્રીમતી મીનાબેન સોલંકીએ સુપેરે નિભાવી હતી. રસીયામાં તરબોળ શ્રીમતી પારૂલબેન અને શ્રીમતી હીનાબેન પરમારે કરી દીધા હતા. રજીસ્ટ્રેશનનું કાર્ય શ્રીમતી રંજનબહેન પોમલ અને શ્રીમતી શિલ્પાબેન બુદ્ધ અને શ્રીમતી અલ્પાબેન બુદ્ધ સાથે મળીને નિભાવી હતી. આ રીતે દરેક બહેનો એ હળીમળી ને આ કાર્યક્રમ માં ભાગ લીધો હતો. અને છેલ્લે આપણું રાષ્ટ્રગીત ગાઈ ને જમવા માટે છૂટા પડ્યા હતા. સ્ત્રી અને પુરૂષ દરેક રીતે અલગ અલગ છે તે બંનેની તુલના કરી શકાય જ નહીં, બન્ને પોતપોતાના સ્થાને યોગ્ય જ હોય છે. બહારગામથી આવેલ દરેક બહેનોનો ખૂબ ખૂબ આભાર.

શ્રી મારું કંસારા મહિલા મંડળ જૂનાગઢ આ જ રીતે આગળ કાર્ય કરતી રહે તેવી હે મા જગદમ્બા શક્તિ આપતી રહેજે.




શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

-: શુભેચ્છા સહ :-

## એ. સી. બ્રધર્સ એન્ડ કાું.

### કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર




**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited
Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

*Best Quality Gift For All Occassions*
We are also the menu. of wall clocks& wall clock hands




## PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia
Mo.94262 21810
Depak J. Karathia
Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

**Tejas P. Meghani**
+91 - 9426303186
**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436



ME CANS



## Mayur Engineering
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186
**E-mail : mayurengineering179@gmail.com**

# સ્ત્રી કેળવણી - સમગ્ર સમાજનો આધાર સ્તંભ છે

- કમલેશ કંસારા (અમદાવાદ)

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીની વૈવિધ્યપૂર્ણ ભૂમિકાઓનું આગવું પ્રદાન છે. દરેક તરૂણીનું એક વિશિષ્ટ સ્થાન છે. પુત્રી, બહેન, માતા, પત્ની, દેરાણી, જેઠાણી, નણંદ, ભાભી, સાસુ, દાદી, નાની જેવી અનેક ભૂમિકા જીવનના વિવિધ તબક્કાઓમાં ભજવવાની રહે છે. આવી પડકારજનક ભૂમિકાને સંતોષકારક ન્યાય આપવાનું ભગીરથ કાર્ય ફક્ત ભારતીય નારી જ કરી શકે છે.

સ્ત્રીઓની વિવિધ ભૂમિકાઓમાં અમુક ભૂમિકાઓ સૌથી વધુ સંવેદનશીલ અને હૃદયસ્પર્શી હોય છે. માતા-પુત્ર, પિતા-પુત્રી, ભાઈ-બહેનના સંબંધો દુનિયાના સૌથી પવિત્ર સંબંધો ગણાય છે. અપવાદોને બાદ કરતા આ સંબંધોની માનવજીવનમાં ઊંચી ગરિમા અકબંદ રહી છે. અને આ પવિત્ર સંબંધોની સુવાસ આજે પણ મહેકી ઉઠે છે.

સ્ત્રી શક્તિકરણની વાત આવે એટલે સ્ત્રી કેળવણી એ માધ્યમ બને છે. એક શિક્ષિત માતા પોતાના પુત્ર-પુત્રીને ડૉક્ટર, એન્જિનિયર, પ્રોફેસર કે સારો નેતા બનાવી શકે છે. આવા કુળદિપકો પદ-પ્રતિષ્ઠા મેળવીને માંનું ગૌરવ વધારે છે. એક શિક્ષિત સ્ત્રી પોતે સશક્તિકરણ માટે સજ્જ હોઈ અન્યનું શક્તિકરણ કરી શકે છે.

કેળવણી એટલે ચિંતનને આત્મસાત કરવું. કેળવણી મનુષ્યને મળેલા વ્યક્તિત્વના પાયા પર એના ઉચ્ચતર વ્યક્તિત્વની ઈમારત ઉભી કરવામાં મદદરૂપ થઈને માનવીના આંતરજીવને સમૃદ્ધ કરે છે, એ જ સાચી કેળવણી છે અને સાચો ધર્મ છે.

ધ એકસર્ઝન કાવ્યમાં કવિ વર્ડઝવર્થે લખ્યું છે : પોતાની જાતથી માનવી ઊંચે નહી ઉઠે, ત્યાં સુધી એ માનવી કેરું મૂલ્ય આંકી નહી શકે.

વિદ્યા વિનમ્રતા આપે છે એવું આપણું સાહિત્ય કહે છે. પાન શાણપણમાં પરિપક્વ થાય ત્યારે માનવી વિનમ્ર બને છે. જ્ઞાન ગ્રહણ કરતા અને પચાવતા તથા એને આત્મસાત કરતા શીખવે તેને કેળવણી કહેવાય.

માત્ર પુરૂષ સમોવડી બનીને સરખા કામ કરવામાં સશક્તિકરણ આવી જતું નથી. સ્ત્રી પોતે એક શક્તિ છે. દા.ત. : રાધા-કૃષ્ણ, સીતા-રામ, લક્ષ્મી-નારાયણ વગેરે. ભારતીય સંસ્કૃતિમાં માતૃશક્તિનો અનેરો મહિમા છે. સૃષ્ટિનું ચક્ર ચાલુ રાખવાને માટે પણ સ્ત્રી શક્તિનું મહત્વ સ્વીકારવું જ રહ્યું. અનેક મહાપુરૂષો અને દેવોએ આ પૃથ્વી પર અવતાર લેવાને માટે માતૃશક્તિનો સહારો લેવો પડેલો. આ નિમિત્તે કેટલીક ભાગ્યશાળી માતાઓને ભગવાનની માતા થવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. નારી તુ નારાયણી કહેવા માટે આનાથી મોટો ક્યો પુરાવો હોઈ શકે એક સ્ત્રી માટે !

એક શિક્ષણ મેળવેલ સ્ત્રી વીર, પ્રતાપી, મેધાવી પુરૂષો ચોક્કસ પેદા કરી શકે છે. એક કેળવણી મેળવેલ સ્ત્રી જ શક્તિ સમાજને પેદા કરી શકે છે. સ્ત્રી પોતાના જીવનકાળ દરમ્યાન તેની સાથે વિવિધ પ્રકારની ભૂમિકાથી જોડાતા પાત્રોને કાંઈને કાંઈ આપતી જ રહે છે. તે મેળવવા કરતા આપવામાં પોતાનું ગૌરવ માને છે.

સ્ત્રી કેળવણી સમગ્ર સમાજનો આધાર સ્તંભ છે. સ્ત્રીનો જીવન પ્રત્યેનો, કુટુંબ પ્રત્યેનો, સમાજ પ્રત્યેનો, દૃષ્ટિકોણ ઉચ્ચ કોટિનો હોય છે. કેળવાયેલ સ્ત્રી પોતે તો સશક્ત હોય છે જ પરંતુ તે અન્યનું સશક્તિકરણ કરવાને માટે સક્ષમ હોય છે. આવી સક્ષમ કેળવાયેલી સ્ત્રી જ કુટુંબનું અને સમાજનું સશક્તિકરણ કરી શકે છે.

માત્ર મહિલા સંમેલનો ભરવાથી અને પુરૂષ સમોવડી બનાવવાની વાત કરવાથી સ્ત્રી સશક્તિકરણની વાતો માત્ર કરવાની નથી. સ્ત્રી કેળવણી જ સશક્તિકરણનો પાયો છે.

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Mahek Maheshbhai Sheth |
| Date of Birth | : 01-03-1999 |
| Birth Time | : 11-20 AM, Monday |
| Birth Place | : Rajkot |
| Manglik | : No |
| Devak/Gotra | : Atri |
| Blood Group | : B+ |
| Complextion | : Medium |
| Education Deta. | : B.Com., CA Intermediate, Appearing for CA Final |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Father Name | : Late Maheshbhai Naginbhai Sheth |
| Father Occ. | : Was working with Bank of Baroda (Dena Bank) |
| Mother Name | : Purviben Maheshbhai Sheth |
| Mother Occ. | : Working with Bank of Baroda |
| Brother Name | : Tirth Sheth |
| Sister Name | : Tulsi Sheth |

**CONTACT DETAILS**

| | |
|---|---|
| Contact | : 94282 56673 |
| Address | : 102, Aashray A, Nr. Jamuna Haritage, Opp. Gandhi School, Nana Mava Main Road, Rajkot-360005. |

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

# કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

હમણાં જ સંપર્ક કરો:

અહીં તમારી વિગત ભરો⬇

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ કાજલીયા

રીલાયેબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

# Navneet Traders
# નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# લાલાણી પરિવારનું ગૌરવ



ડૉ. હેત્વી પ્રિતેશભાઈ લાલાણી એ Bachelro of Dental Surgery (BDS) નો અભ્યાસ ડેન્ટલ કોલેજ, ઘુમા, અમદાવાદ ખાતે પૂર્ણ કરી ડૉક્ટરની પદવી મેળવેલ છે તે બદલ લાલાણી પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

ડૉ. હેત્વી લાલાણી ભવિષ્યમાં સેવાકીય કામ કરી ઉતરોત્તર પ્રગતિ કરે અને સફળતાના દરેક શિખરોસર કરે તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**: શુભેચ્છક :**

હસમુખલાલ મગનલાલ લાલાણી (દાદા) ભારતીબેન હસમુખલાલ લાલાણી (દાદી)
પ્રિતેશભાઈ હસમુખલાલ લાલાણી (પિતા) દેવલબેન પ્રિતેશભાઇ લાલાણી (માતા)
હીર પ્રિતેશભાઇ લાલાણી (ભાઈ)
તથા અ.નિ. મગનલાલ પરસોત્તમદાસ લાલાણી પરિવાર, (લીંબડી)

**: શુભેચ્છક ફર્મ :**

કામધેનુ સીડ્સ કોર્પોરેશન, સુરેન્દ્રનગર કામધેનુ પેસ્ટીસાઈડસ, સુરેન્દ્રનગર
હેત્વી સેલ્સ, સુરેન્દ્રનગર
શ્રીહરિ એગ્રો કેમિકલ્સ, લીંબડી ક્રિષ્ના ટ્રેડર્સ, સુરેન્દ્રનગર









શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# MATRIMONIAL



**PERSONAL DETAILS**

Full Name :
Mohanish Mahesh Tambat
Date of Birth :
12.10.1993
Birth Time :
1.35 AM
Place of Birth :
Lasalgaon (Nashik)
Mangalik :
No
Religion :
Hindu (Gujarati)

| | | |
|---|---|---|
| Cast | : | Vaishnav |
| Height | : | 5'10" |
| Education | : | B E (Mechanical) |
| College Attended | : | Sandeep Foundation College, Nashik (Pune University)<br>G M E (Graduate Marine Engineer)<br>Coimbatore Marine College, Coimbatore |
| Occupation | : | Anglo Eastern Shipping Company, Mumbai (As a 4th Engineer) |
| About Me | : | " I am a family-oriented person who believes in maintaining a healthy work-life balance. I enjoy playing, traveling, and spending time with my loved ones in my free time. I am looking for someone who shares similar interests and values and is ready to embark on a beautiful journey of love, companionship, and growth." |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Father's Name | : | Mr. Mahesh Dakorji Tambat |
| Father's Occ. | : | Retired |
| Mother's Name | : | Mrs. Aarti Mahesh Tambat |
| Mother's Occ. | : | Housewife |
| Brothers | : | No |
| Sisters | : | 1 (Married) Living in Australia (Perth) for Education (Master of Science in Engineering) |
| Residential Add. | : | Flat No A-5, Nishant Blaize, Behind K K Wagh Agriculture College Dhatrak Phata , Panchavati, Nashik-422003 |
| Contact No. | : | +91 -9623050114 / 9970087373 |
| Email ID | : | mohanishtambat12@gmail.com |



ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા અંતર્ગત તારીખ ૦૭/૦૩/૨૫ એ કોલેજ કક્ષાએ પિતલીયા હર્ષ મદનમોહનભાઈનો પહેલો નંબર પ્રાપ્ત થયો ત્યારબાદ તારીખ ૧૭/૦૩/૨૫ એ સૌરાષ્ટ્ર ઝોનના પાંચ જિલ્લામાં બીજો નંબર પ્રાપ્ત થયો અને રાજ્યકક્ષાએ તારીખ ૨૮/૦૩/૨૫ એ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું તદુપરાંત યુથ પાર્લામેન્ટ વક્તૃત્વ સ્પર્ધા અંતર્ગત તારીખ ૨૬/૦૨/૨૫ એ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં પણ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો જેમાં પણ રાજ્યકક્ષાએ ભાગ લીધો હતો .




## નવા આજીવન સભ્યોની યાદી

૧ ચોગાનવાલા ઉષાબેન બિપીનચંદ્ર - અમદાવાદ.
૨ કંસારા ભાસ્કરભાઈ અનિલભાઈ - મોરબી
૩ દંગી દીપકભાઈ - મોરબી
૪ કંસારા વ્રજેશભાઈ ચંદુલાલ - મોરબી
૫ કાગડા જયદીપ ઈન્દુલાલ - મોરબી
૬ દંગી પ્રિયાંક અતુલભાઈ - મોરબી
૭ કંસારા જયેશભાઈ છોટાલાલ - મોરબી

# One More Feather in The Cap

આપણી જ્ઞાતિના an old young man શ્રી બળવંતભાઈ જે. કંસારા ઉંમર વર્ષ ૭૫ એ તાજેતરમાં ઇન્દોર ખાતે રમાયેલ national table tennis championship-2024, જેમાં ૨૩ રાજ્યોએ ભાગ લીધેલ તેમાં તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતની ટીમે ૭૫ થી ૮૦ વય જૂથમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી બ્રોન્ઝ મેડલ અને ટ્રોફી મેળવેલ છે તે માટે તેઓને ખુબ ખુબ અભિનંદન.

તારીખ ૧૫-૦૧-૨૦૨૫ ના કંસારા ટાઈમ્સમાં ગુજરાત સ્ટેટ તરફથી પસંદગી થવા બદલ અભિનંદન પાઠવી અને રાષ્ટ્રીય કક્ષાએ સફળતા માટે શુભેચ્છા પાઠવેલ અને બળવંતભાઈ કંસારાએ રાષ્ટ્રીય કક્ષાએ સફળતા મેળવી ગુજરાત તથા કંસારા સમાજનું ગૌરવ વધારેલ છે

આ ઉંમરે પણ ઘણા સમયથી રાજ્યકક્ષાએ રાષ્ટ્રીય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ટૂર્નામેન્ટોમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી રહેલ છે

**"મન હોય તો માળવે જવાય"**

તે વાક્યને સિદ્ધ કરનાર બળવંતભાઈ જે. કંસારાની તંદુરસ્તી સારી રહે અને આથી પણ વધુ સફળતા મેળવતા રહે તેવી કંસારા સમાજ શુભેચ્છા પાઠવે છે






RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષોં દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સતત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડ સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦